## (૪) ટ્રેક નં. ૨ : પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી વિષે

✿ થઈ જાવ તૈયાર સાંભળવા પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીના સ્વમુખેથી તેમના ભૂતકાળ અને ભવિષ્યકાળ વિષે.

✿ માંગલિક

✿ ભક્તિ : એ, દ્રવ્ય સકળની સ્વતંત્રતા જગમાંહી ગજાવનહારા,
વીર કથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા...
.... ગુરુજી પંથ પ્રકાશનહારા...

✿ હમ તો વિદેહમેં થે, વહાઁસે આયા હૈ. બેન (ચંપાબેન) ભી વિદેહમેંસે આયા હૈ.

✿ પિતાજી ૫૯ થી ૬૩ સુધી ચાર વર્ષ રહે. તો પિતાજી ગુજર ગયે પછી ૬૩ થી ૬૮ સુધી મૈં દુકાન ચલાયા. ૧૭ વર્ષની ઉંમરથી ૨૨. પાંચ વર્ષ. તો એક વાર અમે વડોદરા માલ લેનેકો ગયે થે, છોટી ઉંમરમાં અમે તો વેપાર કરતા હતા ને? હમકો છોટી ઉંમરમેં ‘શેઠ શેઠ’ કહતે થે. દુકાન ચલતી થી ને? અને આજેય દુકાન ચલતી હૈ બડી. પાલેજ, ભરૂચ અને વડોદરા. બડી દુકાન હૈ. ૩૫-૪૦ લાખ રૂપિયા ભી હૈ. ઔર ૩ સે ૪ લાખ રૂપિયાકી પેદાશ હૈ. અભી દુકાનમેં પાલેજમાં યે દુકાન મેરી થી, મૈં થા.

✿ ૯૦ની સાલ. સંપ્રદાયમાં હતા. હતા વઢવાણ. ૩-૩ હજાર માણસ વ્યાખ્યાનમાં. સંપ્રદાયમાં પ્રતિષ્ઠા હતી ને મોટી અમારી! માણસ સમાય નહીં, દરિયાપર અપાસરે. સામે. અપાસરામાં તો માણસ સમાય નહીં સામે. ભોજનશાળા. એ મોટું. ઓસરીમાં પાટ લાવવી પડે. ઓસરીમાં અંદર પાટ ન રખાય એટલું માણસ.

✿ હું તો પહેલેથી ભગત. સંસ્કાર પૂર્વના હતા ને અંદર!

✿ આ ‘સમયસાર’ જબ આયા ‘૭૮’મેં-આ જ્યાં દેખા, શેઠિયાઓકો કહ દિયા થા, ‘આ શાસ્ત્ર શરીર રહિત હોનેકી ચીજ હૈ’.

✿ આ માર્ગ જ્યાં ‘સમયસાર’ હાથ આવ્યું ને? (થયું કે) અરે! આ તો મોક્ષનો માર્ગ. આ તો સિદ્ધ થવાનો પંથ. મેં તો એમ નહોતું કહ્યું, પણ એમ કહ્યું હતું કે ‘અશરીરી થવું હોય તો આ શાસ્ત્ર. શરીર રહિત થવું હોય તો આ શાસ્ત્ર.

✿ કલકત્તામાં છે ને તમારે રતનલાલજી? નહિ. ગંગવાલ રતનલાલજી ભૈયા. એના મકાનમાં ઉતર્યા હતા ને? ત્યાં આંબાકા ઝાડ થા. આંબાકા. ૧૦ વર્ષસે કેરી નહીં પકતી થી, એમાં મહારાજકા ઉતારા અહીંયા હોનેવાલા થા તો કેરી પાકી ગઈ, લાલ કેરી, હજારો લટકતી હતી.

✿ સિદ્ધ હોનેકી આ ચીજ હૈ. ભાઈ કો કહા ભાઈ, 'મૈં સાધુ નહીં હૂઁ', 'આ માર્ગ હી નહીં, મૈં તો છોડ દૂંગા.' ભાઈએ કહા, બહુત પ્રેમ થા બડે ભાઈકો મેરે પર. સાથમેં રહેતે થે ને? 'ભાઈ ! આપકી પ્રસિદ્ધિ બહુત હૈ, એકદમ છોડેગે તો ખળભળાટ હો જાયેગા. બડે ભાઈને કહા, 'મહારાજ ! ધીમે ધીમે છોડના.'

✿ એક દિવસ તો છોડ દિયા થા. સંપ્રદાય છોડ દિયા. ગુરુ સબકો છોડ દિયા. 'મેરેકો અંદર જચે (બેસે) એ બાત માનૂંગા? કોઈ સંપ્રદાયકી નહીં. તો એક બાર છોડ દિયા સંપ્રદાય મૈ(ને). મૈં સત્કો માનનેવાલા હૂઁ, ઐસા કોઈ ગડબડ માનૂં, ઈસમેં આ ગયા માટે ગડબડ (અસત્ય) માનૂં? વો તો ચીજ નહીં હૈ.

✿ એક મકાન હૈ 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામકા. 'સ્ટાર ઑફ ઈન્ડિયા'. 'હિંદુસ્તાનનો ચમકતો તારો' ઐસે એક મકાન હૈ (સોનગઢમાં) જંગલમાં હૈ ત્યાં અમારા પડાવ નાખ્યા ઔર ત્યાં ભાઈકી હાજરીમેં મુહપત્તી છોડ દિયા ઔર છાપાવાળા આવ્યા હતા એક. બડા છાપાવાળા અમદાવાદમેં હૈ. કક્કલભાઈ. યે આયા થા કે મહારાજ ક્યા હૈ? કહા કિ ભઈ, 'હમ સ્થાનકવાસીકા સાધુ નહીં હૈ'. યે ચીજકો લોકો સુનકર પહેલે તો ખળભળાટ હો ગયા થા. બહુત લોગ આતે થે યહાઁ—હજારો. માર્ગ બાપા! દૂસરા હૈ. યે દિગમ્બર ધર્મ વો હી ધર્મ હૈ. દૂસરા કોઈ ધર્મ હૈ નહીં.

✿ પ્રવચનસાર, સમયસાર, નિયમસાર, આદિપુરાણ વો તો સબ દેખા થા સંપ્રદાયમેં. સંપ્રદાયમેં (સબ) દેખા થા. ૭૦માં દીક્ષા લીધી. પરિવર્તન પહેલે.

✿ અમને તો અંદરસે બાત આઈ પૂર્વકી ભગવાન પાસે થી તે આ. આ બધું પરિવર્તન કર્યું તે અંદરથી કાંઈક બીજું લાગ્યું ત્યારે કર્યું ને? નહીં તો હમારી માન્યતા (ભાન) તો બહુત થી સ્થાનકવાસીમેં? દીક્ષા બડી

ધામધૂમસે બડા ભાઈએ (કરી). (પણ પછી) આ માર્ગ નથી. આ માર્ગ-વીતરાગમાર્ગ આ નથી. મેં તો છોડ દૂંગા. આ સાધુપણું નહીં. મૈં તો કડક ક્રિયા કરતા થા. માનતા હતા. 'આ સાધુપણા નહીં, સાધુ હૈ હી નહીં હમ. વસ્તુ દૂસરી હૈ'.

✿ દીક્ષા લેવાની હતી ને? ત્યારે હાથી આવ્યો. આ ૬૫ વર્ષ (પહેલા)ની વાત છે. દીક્ષા લેવા બહાર નીકળ્યા ને ત્યારે હાથી આવ્યો. હાથી ઉપર નિસરણીથી ચડવાનું. ઉપર ચડતે નિસરણી બડી થી, કપડા હમ ઝીણાં પહેરતે થે કંઈક સાધારણ. જગન્નાથના ધોતિયા, જરીની ટોપી, કપડાં ઉંચા પહેરતે થે. દુકાન ઉપર પણ. તો ઉપર ચડતે જગન્નાથકા ધોતી જરી ફાટ ગઈ. બડા હાથી થા ને? તે આમ તો નિસરણીથી ચડ્યા ત્યાં ફાટી ગઈ. એમાં જ શંકા પડી કંઈક. હુઆ ક્યા? ત્યારે એટલો બધો બહુ વિચાર નહીં, પણ કાંઈક હુઆ હૈ. (ઐસા લગા) પાછળથી બહુત વિચાર કરતે કરતે ઐસા આયા કિ કપડાવાળી દીક્ષા નહીં, એ માટે ફાટ ગયા. 'કપડાં સહિત મુનિ હોતા હી નહીં તીન કાલમેં.'

✿ એકવાર તો અમારા ગુરુ થા. ૮૩કી સાલકી બાત હૈ? પાત્રા રંગતે થે. પાત્રા હોય ને! તો બે-બે કલાક રંગનેમેં જાતે થે. રંગનેકા, સૂકવે ને ધ્યાન રાખે ને! મૈં તો મહારાજકો કહા, 'આ ક્યા હૈ? આ ઉપાધિ? આ શું છે? સ્વાધ્યાય કરના છોડકે બે-બે કલાક પાત્રા રંગના ને આ?' અમારા ગુરુ જરા નરમ માણસ થા. પણ ઐસા બોલે, "પાત્રા વિનાના સાધુ ગોતી લાવજે જરા ત્યારે." આ પાત્રા વિનાના ગોતી લાવ્યા કુંદકુંદાચાર્ય. 'માર્ગ આ હૈ, દૂસરા કોઈ માર્ગ નહીં. મુનિને તો પાત્રના ટુકડા કે વસ્ત્રના ટુકડા ન હોય. એક વસ્ત્રના ટુકડા રખકર મુનિ મનાવે, માને (તો) નરક, નિગોદમાં જાયેગા.

✿ ભક્તિ : એક અદ્‌ભુત આતમા, વીરનો માર્ગ જાણતા,
મુમુક્ષુઓ વખાણતા, એ પ્રભાવશાળી આત્મા...(૨)
સમયસારને છણનારો, સર્વ દોષને હણનારો,
મુક્તિને તે વરનારો, એ પ્રભાવશાળી આત્મા....(૨)
આધ્યાત્મિક એ યોગી છે, આતમરસનો ભોગી છે.
શુદ્ધ સ્વરૂપ સંયોગી છે, એ પ્રભાવશાળી આત્મા... (૨)
પૂરવ ભવમાં પામેલો, તે પણ સાથે લાવેલો,
તત્ત્વજ્ઞાનમાં રસઘેલો, એ પ્રભાવશાળી આત્મા... (૨)

કુંદ સીમંધર વારસ છે, રત્નચિંતામણિ પારસ છે,
અંતર જેનું આરસ છે, એ પ્રભાવશાળી આત્મા... (૨)
આત્મમસ્તીમાં મસ્ત રહે, સઘળાનું એ હિત ચાહે,
કર્મશત્રુને નિત્ય દહે, એ પ્રભાવશાળી આત્મા... (૨)
મહાપ્રતાપી પુરુષ છે, ભેદજ્ઞાનનો સ્ફૂરક છે,
જાણે ઉગતો સૂરજ છે, એ પ્રભાવશાળી આત્મા... (૨)

✿ (ગુરુદેવ) માર્ગ તો ખૂલ્લે ખૂલ્લો બતાવી રહ્યા છે. આહીં બતાવી રહ્યા છીએ ને? માર્ગ તો ખુલ્લે ખુલ્લો બતાવીએ છીએ બાપુ! આહીં તો ૪૨ વર્ષ તો આહીં થયા. આ જંગલ હતું આખું. ગાયો બેસતી, ભૈસ. અત્યારે તો કરોડો રૂપિયા નખાઈ ગયા છે. આ એક જ (પરમાગમમંદિર) ૨૬ લાખનું છે. આ એક જ મકાન ૨૬ લાખનું.

✿ ઘણું દીધું છે એમ કે ગુરુદેવે, (એમ બેનશ્રી કહે છે) તેઓશ્રી અનેક રીતે સમજાવે છે. એમ બેન (ચંપાબેન)ને તો બહુમાનથી વાત કરે છે ને!

✿ (બહેનશ્રી કહે છે) પૂજ્ય ગુરુદેવના વચનામૃતોનો વિચારનો પ્રયોગ કર. એ તો ભગવાનની વાણી છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ કહે છે તે આ વાણી છે.

✿ (બેનશ્રી કહે છે) ગુરુ તારા ગુણો ખીલવવાની કળા દેખાડે છે. ગુરુ આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે. એ આજ્ઞા તો એ છે કે 'રાગથી ભિન્ન કરીને આત્મામાં રહેવું'

✿ 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ! તું આ સ્ત્રી નહીં સેવે, 'શિવરમણી રમનાર' મુક્તિરૂપી રમણીનો રમનાર પ્રભુ તું છે ને?' તું હી દેવનો દેવ. શિવરમણી–મોક્ષલક્ષ્મી એની રમણી એનો તું રમનાર છે, બાપુ! 'તું હી દેવનો દેવ'. પહેલા પદમાં બે બોલ આવ્યા હતા. 'કોણ છે તું? સ્ત્રીનો ભોગ કરનાર તું નહીં. તું તો શિવરમણી રમનાર'–તે દિવસે આવ્યું હતું. એ ૧૭ વર્ષની ઉમરે. અને 'તું હી દેવનો દેવ', 'તું દેવનો દેવ ચૈતન્યમૂર્તિ છો'. એ બાર કડી હતી. 'તું તો પૂર્ણાનંદ કેવળજ્ઞાનની દશાનો રમનારો છો. અને તારું સ્વરૂપ! તું દેવાધિદેવ છો, ભાઈ!' લખ્યું'તું. કાગળ આવે ને ઓલો એમાં. 'તું શિવરમણી રમનાર' આ આનંદની પરિણતિનો રમનાર. 'તું હી દેવનો દેવ'. ત્યારે તો કાંઈ ખબર પણ નહોતી કે આ ભવ પહેલા (દેવનો ભવ હતો) આ 'દેવાધિદેવ કીધું'

ને? પ્રભુ! 'તું શિવ' નામ મોક્ષની પરિણતિ આનંદની એ રમનારો નાથ તું. 'તું દેવાધિદેવ છે ને પ્રભુ'! પર્યાયમાં આવો (પામર) ને વસ્તુમાં આવો. (પૂર્ણ)

✿ જયપુરમાં રથ નીકળ્યો તે કેટલા (માણસો) તેની ગણતરી જ ન મળે. લાખો માણસો આમ માથે ઊભા જુઓ. ભગવાનને બિરાજમાન કર્યા ત્યાં રથમાં હું બેઠો હતો. લોકો જોવા નીકળે કે 'આ છે શું?' ૨૧ તો હાથી મોઢા આગળ. ૨૧ હાથી અને હજાર-હજાર—બે-બે હજારને છેડે એક-એક બેન્ડવાજા, અરે મોટું. આ તે કોઈ 'રાજા' આવ્યા છે કે શું? (એમ લોકો કહેતા), સાધુ ગામમાં હતા, તે (પણ) જોવા નીકળેલા પણ એ તો બહારની વાતુ. બાપા! એમાં કાંઈ આત્મા નથી.

✿ આહીં કહેતા હતા ને એક ગરાસિયા (નહીં) તમે આહીં (સોનગઢ) આવ્યા પછી આ બધું તમારે લઈને આ બધું થયું. કીધું ભાઈ! એ બધું થયું તે એને કારણે. આત્માથી કંઈ નહીં. અહી તો પાડા બેસતા. અત્યારે અહીં કરોડો રૂપિયા નંખાયા છે. મોટા બંગલા ૨૬-૨૬ લાખના. કોણ કરે પ્રભુ? તને ખબર નથી. એ તો બાહ્ય પરદ્રવ્યનું કોણ કરે? ભાઈ !

✿ અમે તો લાખો કરોડો માણસને જોયા છે ને ! આખા હિંદુસ્તાનમાં ૧૦-૧૦ હજાર માઈલ ત્રણ વાર ફર્યા છીએ. બહુ, બધું જોયું છે. આ માર્ગ કોઈ જુદી જાત(નો) છે. બાપુ !

✿ ગુરુદેવકા કોઈ અદ્‌ભુત પ્રતાપ હૈ. 'આત્મા' શબ્દ બોલના શીખે તો વહ ભી ગુરુદેવ કે પ્રતાપસે. (બહેનશ્રીને કહા)

✿ એ બધી ચોખવટ થઈને બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો. અદ્‌ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાય એવો છે. (બેનશ્રી કહે છે)

✿ નિમિત્ત-ઉપાદાન, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યક્‌દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઈત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્‌રૂપે બહાર આવ્યું છે. એની શ્રુતની ધારા વહે છે. તે જુદી છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. લ્યો, આ બહેન કહે છે.

✿ પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે? કે તેઓશ્રીના પ્રતાપે આખા ભરતમાં ઘણા જીવો મોક્ષના મારગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

✿ પંચમકાળમાં આવો યોગ મળવો તે આપણું પરમ સદ્‌ભાગ્ય છે એમ કહે છે બેન.

✿ જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમના ચરણકમળની સેવા અંતરપટમાં વસી રહો. (બેનશ્રી કહે છે)

✿ ગુરુદેવ પોકારી પોકારીને કહે છે કે 'જ્ઞાયકનો આશ્રય કરી, પૂર્ણ ચૈતન્ય ઘન પ્રભુ! તેનો આશ્રય કરી તું શુદ્ધ પરિણતિ પ્રગટ કર. એ સિવાય ધર્મ છે નહીં.

✿ આવા સાતિશય પુણ્યશાળી (બેનના શબ્દો છે) પુરુષાર્થપૂર્વક વાણીનો શ્રવણનો યોગ અનંતકાળે મહા પુણ્ય ઉદયે પ્રાપ્ત થાય છે. માટે પ્રમાદ છોડી પુરુષાર્થ કર. જેમાં ભવનો અંત આવે તે પુરુષાર્થ કર.

✿ અમે 'આત્મા' શબ્દ બોલતા શીખ્યા એ પણ ગુરુદેવનો પ્રતાપ છે. (બેનશ્રી)

✿ ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે. આચાર્ય ભગવંતોએ મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે અને તે સ્પષ્ટ કરે છે. પેંથીએ પેંથીએ તેલ નાખીને ઝીણવટથી ચોખ્ખું કરીને બધું સમજાવ્યું છે.

✿ તીર્થંકર-સર્વજ્ઞ ત્રિલોકનાથ—એણે પ્રકાશેલો જૈન ધર્મ જ સત્ છે એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે.

✿ ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે. જેમાંથી માર્ગ સૂઝે છે. એને ખ્યાલ કરે તો એને માર્ગ સૂઝે.

✿ ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગૃત કર્યા છે. આ તો જાગૃત કર્યા. વાત આવી છે. સેંકડો વર્ષમાં જે ચોખવટ નહોતી, બસો વર્ષમાં આવી ચોખવટ નહોતી (આવી).

✿ ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડ્યો. ભાઈ! તું આત્મા. એ દયા, દાનના વિકલ્પ ઉઠે એ પણ રાગ છે. એ તું નહીં, તારામાં નહીં. તેમાં તું નહીં.

✿ માર્ગ ચોળી, તૈયાર કરીને આપે છે. લે ખાઈ લે. હવે ખાવાનું તો પોતાને છે. (પ્રમાણ વચન ગુરુદેવ)